નવી બાબત: વર્ષ ૨૦૧૪-૧૫

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુ.જનજાતિની ૧૦ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ધોરણ-૧૧નો ક્રમિક વિકાસથી સામાન્ય પ્રવાહનો વર્ગ શરૂ કરવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: ગરચ-૧૦૨૦૧૪-ન.બા.૧૪-ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૮/૯/૨૦૧૪

**વંચાણે લીધા :-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૮/૧૧/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક: અમૂશ/૧૫૦૮/ન.બા.૧૫/ઘ

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસનો તા.૦૭/૧૨/૨૦૧૩નો પત્ર ક્રમાંક: આવિ/આશા /૨/ફા.નં.૧૭૫૯ /૨૦૧૩-૧૪/૧૪૬૭ થી ૧૪૬૮

**ઠરાવ :-**

રાજ્યમાં આદિજાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધે અને અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઉંચુ આવે તે હેતુથી રાજ્ય સરકારે ૧૯૫૩-૫૪ થી આશ્રમશાળા યોજના શરૂ કરેલ છે. હાલ રાજ્યમાં ૪૫૩ આશ્રમશાળાઓ તથા ૯૯ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ગ્રાન્ટ-ઇન-એઇડના ધોરણે ચાલુ છે. જેમાં બાળકોને રહેવા તથા જમવાની સગવડ સાથે શિક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવે છે. પરંતુ આદિજાતિની મહત્તમ વસ્તી રાજ્યના અંતરિયાળ અને ડુંગરાળ પ્રદેશમાં વસવાટ કરતી હોઇ ઉંડાણ વાળા ગામડાઓમાં હજુ પણ શિક્ષણની સુવિધા ન હોઇ બાળકોને દૂરની શાળાઓમાં જવુ પડે છે. જે આર્થિક રીતે પોષાય તેમ ન હોઇ અભ્યાસ છોડી દેવો પડે છે. જેથી તે વિસ્તારોમાં શિક્ષણની સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી કાર્યરત ૯૯ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ પૈકી સુવિધા યુક્ત ૧૦ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ધોરણ-૧૧નો ક્રમિક વિકાસનો સામાન્ય પ્રવાહનો વર્ગ શરૂ કરવા નવી બાબતની દરખાસ્ત વર્ષ ૨૦૧૪-૧૫ના વંચાણે લીધા ક્રમાંક: (૨)થી કરવામાં આવેલ હતી.

## શરતો :-

પુખ્ત વિચારણાના અંતે પ્લાન સીલીંગની મર્યાદામાં રૂ.૩૮.૪૦ લાખની નવી બાબતને નીચે દર્શાવેલ ખર્ચ, મહેકમને નીચેની શરતોને આધિન આથી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | ૪૦ છાત્રોની નિભાવ ગ્રાન્ટ (૪૦ x રૂ.૧૦૦૦ x ૭ ) | - | - |
| ૨ | શિક્ષણ સહાયકોનો પગાર ખર્ચ (રૂ.૪૫૦૦ x ૭ x 30) | 30 | ૯૩૦૦ – ૩૪૮૦૦ ગ્રેડ પે - ૪૨૦૦ ફીક્સ પગાર રૂ.૪૫૦૦ |
| | કુલ સરવાળો | 30 | |

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) સદર રસોડા કામદારની કુલ ૧૦ જગ્યાઓ આઉટ સોર્સીંગથી સંબંધિત કચેરી દ્વારા ભરવાની રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

(૮) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૯) કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમાનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૦) રાજય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પુરી થતા પહેલાની એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૬ આયોજન, મુખ્ય સદર-૨૨૨૫, અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨ અનુ.જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૧૦ બીસીકે-૧૭૬ આશ્રમશાળાઓ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ.૧૭/૦૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જ્યોતિ કે. પટેલ)

સંયુકત સચિવ

આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.